**TET (Teacher Eligibility Test) પ્રમાણપત્રની મુદત બાબત.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૧/સિ.ફા.-૦૭/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : /૦૮/૨૦૨૫

વંચાણે લીધાં:
(૧) શિક્ષણ વિભાગનો તારીખ : ૩૦/૦૭/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૧/સિ.ફા.-૦૭/ક
(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના તારીખ : ૧૨/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંક :DPE/0333/08/2025

સુધારા ઠરાવ :

શિક્ષણ વિભાગના તા. ૩૦/૦૭/૨૦૨૪ના વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના ઠરાવથી TET (Teacher Eligibility Test) પ્રમાણપત્રની મુદત બાબતે જોગવાઇ કરવામાં આવેલ હતી. ત્યારબાદ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની વંચાણે લીધેલ ક્રમાંક - (૨) મુજબની તા. ૧૨/૦૮/૨૦૨૫ ના પત્રથી TET (Teacher Eligibility Test) પ્રમાણપત્રની મુદત અંગે નિર્ણય કરવા બાબતની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક (૧) ક્રમ (૧) પરની TET (૧ & ૨) ના પ્રમાણપત્રની માન્યતા અવધિ અંગેની જોગવાઇમાં આથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૧ | **વર્ષ ૨૦૨૩ માં લેવાયેલ ટેટ-૧ અને ટેટ-૨ પરીક્ષામાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોના પ્રમાણપત્રની અવધિ, પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ૫ વર્ષ અથવા NCTE દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ ટેટ પરીક્ષાનું નવું માળખું સૂચવવામાં આવે ત્યાં સુધી તે બંનેમાં જે વહેલું હોય ત્યાં સુધી રહેશે.** | **ટેટ-૧ અને ટેટ-૨ પરીક્ષામાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોના પ્રમાણપત્રની અવધિ, પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ૫ વર્ષ અથવા NCTE દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ ટેટ પરીક્ષાનું નવું માળખું સૂચવવામાં આવે ત્યાં સુધી તે બંનેમાં જે વહેલું હોય ત્યાં સુધી રહેશે.** |

આ વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૧, તા. ૦૬/૦૬/૨૦૧૩ ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે તેમજ તા. ૩૦/૦૭/૨૦૨૪ના ઠરાવની જોગવાઇઓ આથી રદ કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની ઇ-ફાઇલ ક્રમાંક : ૧૦૩૪ પરની તારીખ ૨૫/૦૮/૨૦૨૫ ની નોંધથી સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(તુષાર પટેલ)**
**ઉપ સચિવ**
**શિક્ષણ વિભાગ**

નકલ રવાના :

માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવ, માન. મંત્રીશ્રી (શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવ, માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/તમામ શાસનાધિકારીશ્રી (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફત)
સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય (વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.)
શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૫

Signature Not Verified
Signed by: Tushar L Patel
Under Secretary
Date: 2025.09.10
15:54:22 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign